# અંતરમેળ



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

સપ્ટેમ્બર - ડિસેમ્બર ૨૦૧૦ વર્ષ ૩ અંક ૩ પૃષ્ઠ ૮ રૂા. ૨/-


## આપણું મન શબ્દથી મુક્ત થઇ શકશે ?

આ સવારે હું જે કંઇ કહેવા ઈચ્છું છું કે જે કહેવું મને ગમશે એ વધારે જટિલ અને ગુઢ છે. આપણામાંથી લગભગ મોટાભાગના લોકો શબ્દોના ગુલામ છે અને એ શબ્દો અદ્‌ભૂત એવા અગત્યના બની ગયા છે. વિચાર, વિનીમય માટે શબ્દોની આવશ્યકતા છે પણ આપણામાંથી મોટા ભાગના લોકો માટે શબ્દ એ મન છે અને એ શબ્દના ગુલામ બની ગયા છીએ. જ્યાં સુધી આપણે શાબ્દિકરણ અને શબ્દોની અગત્યતાને તેમજ આપણે શબ્દોના કેવા ગુલામ બની ગયા છીએ એને ગહનતાપૂર્વક સમજીશું નહીં ત્યાં સુધી આપણે યંત્રવત વિચાર કરતા રહીશું. ગણત્રી કરતા કમ્પ્યુટર મશીન જેવા, કમ્પ્યુટર એ શબ્દ છે અને સમસ્યા છે. શબ્દ વગર અને સમસ્યા વગર કમ્પ્યુટરનું અસ્તિત્વ નથી; અને એની કોઇ કિંમત નથી. અધિકાંશ માનવજાતિ માટે પણ શબ્દ અને સમસ્યાનું પ્રચંડ એવું મહત્વ છે. તેથી આપણે શબ્દ વિષેના સવાલમાં જઇશું.

મને ખબર નથી કે આપણે શબ્દોથી, પ્રતિકો અને ખ્યાલથી કેવા બંધાયેલા છે. તેની આપણને જાણ છે કે? આપણે શબ્દની અગત્યતા અને તેના મર્મ વિષે કદી પ્રશ્ન કરતા નથી. જ્યારે હું શબ્દોનો સંજ્ઞા તરીકે એટલે કે પ્રતિક તરીકે ઉપયોગ કરું છું, નામકરણની પ્રક્રિયા અસામાન્ય એવી ગહનતા સાથે કે ઉપર છલ્લી રીતે થાય ત્યારે આપણે એવું લાગે છે કે આપણે જીવનના મર્મને પૂર્ણપણે સમજી લીધો છે. મને નથી લાગતું કે આપણામાંથી દરેકને એ બાબતનું ભાન થયું હોય કે આપણું મન આપણું સંપૂર્ણ અસ્તિત્વ કેટલી હદ સુધી શબ્દો, પ્રતિક, નામ, સંજ્ઞાને આધીન છે. મને પોતાને એવું લાગે છે કે જ્યાં સુધી આપણે શબ્દના ગુલામ બની એજ સ્તરે રહીશું તો આપણી બધી જ પ્રવૃતિની ક્રિયા માનસિક સ્તરે અને શારીરિક સ્તરે ઉપરછલ્લી જ રહેશે.

આજકાલ મોટા પાયે શબ્દોને લગતા તત્ત્વજ્ઞાન પર ઘણી ચર્ચા વિચારણા થઇ રહી છે, અને શબ્દોના બંધારણ અને પધ્ધતિ ઉપર મને લાગે છે કે આપણે એ પ્રશ્નથી સભાન થઇ નિરીક્ષણ કરવું જોઇએ કે ગહનતાથી કે ઉપરછલ્લી રીતે શબ્દ આપણા જીવનમાં ઘણો ભાગ ભજવે છે, અને એ વિશે શોધ કરી આપણે એ શોધી કાઢવું જોઇએ કે મન શબ્દથી કદી મુકત થઇ શકે કે નહીં.

હવે હું આ બાબતની અંદર જવા માગું છું મને લાગે છે કે શબ્દ એ ભૂતકાળ છે એ સક્રિય વર્તમાનકાળ નથી. વર્તમાન જગત હિંસા, ધિક્કાર અને ઘાતકીપણાથી ભરેલું છે. એવી દુનિયામાં કરુણા જેવા શબ્દનો ઘણો જૂજ અર્થ છે. વિશ્વમાં જે કંઇ ચાલી રહ્યું છે એ બાબતથી આપણે બધા સભાન છીએ. સ્પર્ધા, મહત્ત્વકાંક્ષા અને નિરાશા ક્રૂરતા, ધિક્કાર, રાજકીય પક્ષોની ઘર્ષણથી ઉદ્‌ભવતી હિંસા, જમણેરી, ડાબેરી પક્ષના વિરોધમાં અને ડાબેરી પક્ષ જમણેરી પક્ષના વિરોધમાં છે. ચોક્કસ શબ્દોને અનુકૂળતા પ્રમાણે મારીમચોડી પોતાની રીતે બંધબેસતા કરવામાં આવ્યા છે. આથી મૂળ શબ્દોનો અર્થ ખોવાઇ ગયો છે. આપણા સૌની ભીતર હિંસા છે. સચેત ચેતનામાં અને સુષુપ્ત ચેતનામાં કંઇક હોવાની કંઇક બનવાની કોઇપણ કિંમતે પોતાને પ્રસ્થાપિત કરવાની ભૂખ, આમ બધે જ આક્રમકતા દેખાય છે. સંબંધમાં શારીરિક સ્તરે કામવાસનાની ભૂખ, લેખનમાં ચિત્રકલામાં આ બધા જ હિંસાના સ્વરૂપ છે.

મને ખબર નથી આપણામાંથી દરેક જણ કેટલી ગહનતાથી, આ વિષે કોઇના કહ્યા વગર આપણે આ વિશે કેટલાં સભાન છીએ. જગતમાં અસામાન્ય પ્રમાણમાં ક્રુરતા છે, કે જયાં એક નાનું એવું લોકોનું સંઘઠન લાખો લોકોને કબજે કરે છે. અને ત્રાસ આપી તેઓના જીવનને દોરવે છે. જે પૂર્વમાં અને રશિયામાં ચાલી રહ્યું છે. અને આ સાથે મને એ પણ આશ્ચર્ય થાય છે કે આપણે સ્વયં આપણી અંદરની ક્રુરતાથી કેટલા સભાન છીએ, આપણી અપેક્ષાની આક્રમકતા, કોઇપણ ભોગે આપણી અપેક્ષાની પૂર્તિની આક્રમકતા તેથી કરુણા જેવા શબ્દનો શું અર્થ છે ?

આ પહેલા હું કહેતો હતો કે જયાં સુધી વ્યક્તિગત રીતે આપણામાંના દરેક મનુષ્યની ચેતનામાં આમૂલગ્રા પરિવર્તન ના થાય; ત્યાં સુધી કોઇપણ સમાજ જે પરિગ્રહના અને આક્રમકતાના પાયા ઉપર ઊભો છે, તે વધુ ને વધુ ક્રુર, વધુને વધુ જુલમી બનશે ભૌતિક પદાર્થના મૂલ્યનું ગુલામ થતું રહેશે. મને ખબર નથી કે તમે આ બધાથી વાકેફ છો કે નહીં. મોટે ભાગે તમારામાંથી બધાં જ વર્તમાનપત્ર વાંચતા હશો. અને કમનસીબે તમે એનાથી ટેવાય ગયા છો, ક્રુરતા, ખૂન, ઘાતકી અમાનુષી વર્તન સમાચારથી તમે બધા એનાથી ટેવાય ગયા છો. દરરોજ અને દરરોજ આવા સમાચાર વાંચીને તમારું મન જડ અને મંદ બની જાય છે. તેથી દરેક જણ આ બધાથી ટેવાય ગયો છે. તેથી આજની આ સવારે તમારી સાથે આ વિષયમાં ચર્ચા કે વાર્તાલાપ કરવો મને ગમશે, કુરૂપ, મૂર્ખતા, આજુબાજુના વાતાવરણ અને પર્યાવરણની બધ્ધતા કે જે મનને શબ્દના ગુલામ બનાવે છે એ પ્રશ્નમાં ચર્ચા કરવી મને ગમશે. અને તેજ પ્રમાણે જે સમાજમાં તમે જીવો છો એ સામાજિક માળખાની ગુલામીને કેવી રીતે ભેદવી ?

*To be Human,* સાનેન ૧૯૬૩, પ્રવચન ૪

## સંપાદકીય

આપણા દૈનિક જીવનમાં પરસ્પરનો સંબંધ એ અટળ એવી વાસ્તવિકતા છે. એક બીજા સાથે આપલે કરવી એ સંબંધનું અવિભાજ્ય એવું અંગ છે. આ આપલે એ વસ્તુપૂર્તિ મર્યાદિત નથી. તેનો અધિકાંશ ભાગ, શબ્દ, કલ્પના અને વિચારોથી વ્યાપ્ત છે. કલ્પના અને વિચાર એ શબ્દ સ્વરૂપે પ્રકટ થાય છે અને તેની આપલે હોય છે.

મૂળ અહીં જ મોટો ઘોટાળો ઊભો થાય છે. શબ્દ જ્યારે પ્રત્યક્ષ વસ્તુનું નિરૂપણ કરે છે અને ત્યારે તે જે વ્યકત કરવા ચાહે છે તે આપણે પ્રત્યક્ષ રીતે જોઇ શકીએ છીએ. ઉદાહરણ તરીકે ખુરશી આ શબ્દ દ્વારા બતાવી શકાય છે. બાળકોને નવા શબ્દ શીખવ્યે છીએ ત્યારે આપણે તેને પ્રત્યક્ષપણે વસ્તુ બતાવવાનો પ્રયત્ન કરીએ છીએ. આમ આગળ જતા ઘણાં શબ્દોની તેને ઓળખ આપીએ છીએ. પરંતુ તે શબ્દોને હકીકતના સ્તરે સ્વીકારી લઇએ છીએ. આપણા માનસિક વિશ્વમાં ઘણી વખત શબ્દોને અનન્ય એવું અસાધારણ મહત્ત્વ આપીએ છીએ. તે શબ્દ શાનું નિદેશન કરે છે. ખરેખરમાં તે શબ્દ શું નિર્દિષ્ટ કરવા માગે છે તે, તે રીતનું છેકે નહીં એની તપાસ વગર આપણે આપણું દૈનિક જીવન તે શબ્દોના આધારે વ્યતીત કરીએ છીએ. ઉદાહરણ અર્થે આપણી કલ્પનાના વિશ્વમાં ધર્મ, દેશ, નૈતિકતા, પ્રતિષ્ઠા, આપણી પીઢ એવી પરંપરા એવી અનેક બાબતો તેમાં રહેલી છે અને આપણે કલ્પનાના જગતમાં જીવીએ છીએ. અને આપણને એની સભાનતા પણ નથી કે આપણે કોઇ ભ્રમમાં વહી રહ્યા છીએ કે તેમાં સંરક્ષણ શોધી રહ્યા છીએ. અને તેના પરિણામ સ્વરૂપે કેટલીક સકારાત્મક કે નકારાત્મક બાબતો ઘટે છે. ઉદાહરણ તરીકે ધર્મના નામ પર અનેક કાવ્ય કલાકૃતિનું નિર્માણ થાય છે, સામાજિક કાર્ય કરવામાં આવે છે. એક પ્રતિભા ઊભારવામાં આવે છે. આખી એવી સંસ્કૃતિ ઊભારવામાં આવે છે કે પછી એના પર મોટો રક્તપાત થાય છે. આતંકવાદ અસ્તિત્વમાં આવે છે. અનેક લડાઇ લડવામાં આવે છે. આમ અત્યંત ક્રુર અને અઘોરી બાબત ઘટિત થાય છે. ધર્મ એ એક વિચાર છે, એક શબ્દ છે, આ શબ્દમાં આ બધુ જ નિહિત છે એનું ભાન પણ નથી. કૃષ્ણમૂર્તિ કહે છે, *'The mind that is slave to words cannot see the truth'* - જે શબ્દોના ગુલામ છે તે સત્યને જોઇ નથી શકતા. આ સત્યને સમજવું ઘણું બધું મહત્ત્વનું છે. આ સમજણ પ્રાપ્ત થતાં મનુષ્ય જીવન બધા જ સ્તરે સંકટનો પડકાર ઝીલી શકે છે.

કૃષ્ણમૂર્તિ અને એમના પહેલાં અનેક તત્વજ્ઞાનીઓએ શબ્દ એટલે વસ્તુ નહીં એ કહીં ગયા છે. તેઓએ કહ્યું કે કાગળ પર પાણી શબ્દ અનેકવાર લખવાથી કાગળ ભીંજાતો નથી.

છેવટે આ બધું લખવું કે વાંચવું આપણે માટે શબ્દ જ છે. સત્યના સાક્ષાત્કાર માટે શબ્દની મર્યાદા સમજીને હકીકતની અંદર પ્રવેશ કરવો જોઇએ.

# અમાપને માપવા આપણે શબ્દોનો ઉપયોગ કરીએ છીએ

તેથી આપણા સંબંધમાં અવિરતપણે ઘર્ષણ છે. એ ઘર્ષણનો અંત લાવવો એ આપણી તપાસ છે તેને તરત જ બદલવાની આવશ્યકતા છે. નહીં તો આપણે એકબીજાનો નાશ કરશું અને આ સાથે તમે, તે અને વક્તા એકબીજાને કહી રહ્યા છીએ કે આપણે સાલસતા વિષે પણ વાત કરવી જોઇએ. આ શબ્દ ઘણી જૂની શૈલીનો છે આજના કાળમાં જવલ્લે જ કોઇ તેનો ઉપયોગ કરે છે. *સાલસતા* (સારાપણું) એ શબ્દનો અર્થ છે 'સાથે હોવું.' ઘણી બધી વસ્તુને એકત્રિત કરવી આપણા જીવનના ઘણા પાસાને એકત્રિત કરવા જે બધાં ભાંગીને વિખેરાય ગયેલા જેમ કે આપણે અત્યારે જે છીએ એ બધા પાસાને એકત્ર કરવા અને અખંડ રૂપ આપવું. સુસંગત કરવા અને ત્યારે જ સાલસતા કાર્યરત થાય છે. આ છે સાલસતા શબ્દનો અર્થ એવું જીવન જીવવું કે જ્યાં આપણી અંદર વિભાજન કે ખંડિતતા ન હોય અને મગજ હમેશાં પરિપૂર્ણતા નો પીછો કરે છે તે વિભાજીત છે. તેવી રીતે સાલસતા પણ એવી જ વિભાજીત છે તેમજ ન્યાય અને મુક્તિ.

*મુક્તિ* (સ્વતંત્રતા) શબ્દનો અર્થ છે પ્રેમ-કેદમાંથી મુક્તિ નહીં, એ તો એક પ્રતિક્રિયા છે; દુઃખમાંથી મુક્તિ, આપણે શારીરિક દુઃખની વાત નથી કરતા પણ માનસિક દુઃખની વાત કરીએ છીએ. કશામાંથી મુક્તિ મેળવવી એ તો બીજા ફાસલામાં સપડાવવાની વાત છે કશામાંથી મુક્ત થવું એમ નહીં, સ્વયંમાં મુક્ત હોવું. જો માનસિક સ્તરે પીડા કે ઇજા હોય અને આપણામાંથી મોટાભાગના લોકો બાળપણથી એ ઇજા ભોગવતા આવ્યા છે, અને એ પીડા ઘણી મોટી પીડા અને દુઃખ આપણી અંદર તેમજ બીજાની અંદર પણ ઉદ્ભવે છે, ફક્ત દુઃખ કે પીડામાંથી મુક્તિ એ ખરેખરમાં મુક્તિ નથી. તેથી મુક્તિ ને બીજા અર્થમાં જોઇએ તો તે છે સાલસતા કે જેમાં અખંડતા કે પૂર્ણતા છે. જો હું તેને વૈજ્ઞાનિક પરિભાષામાં કહું તો (Holistic) અખંડતામાં જીવવાનો માર્ગ, એમ નહીં કે એક અંશ મુક્તિ શોધતો હોય અને બીજા અંશો બંધનમાં હોય. મુક્તતા કે સ્વતંત્રતા ત્યારે જ હોય છે જ્યારે બધા જ અંશો એકત્રિત પણે સાથે જીવન જીવતા હોય એ છે જીવનની અખંડતા. *અખંડતા* નો અર્થ છે તંદુરસ્ત, શારીરિક દ્રષ્ટિએ સ્થિરચિત્ત અને બુધ્ધિશાળી અને અખંડતાનો અર્થ પવિત્ર પણ થાય છે. અને સાલસતામાં આ બધું જ આવી જાય છે.

તેથી માણસે દેવળો, મંદિરો, મસ્જિદોના હોવા છતાં તેના પ્રભાવમાં આવ્યા વગર આ બધાથી જે કંઇ પર છે તેની શોધ લીધી છે. અને જે કંઇ બધાથી પર છે તેને વર્ણવી ના શકાય કે તેને શબ્દોમાં પણ બાંધી ના શકાય. અને જે માણસે જે કંઇ બધાથી પર છે એની શોધ લીધી છે. તેના મિત્રો કહેશે ચાલો આપણે તેને એકત્ર કરીએ અને લોકોમાં તેને ફેલાવીએ તેથી આ સંઘઠન, ધાર્મિક સંઘઠન સત્યનો નાશ કરે છે. હું આશા રાખું છું કે મારા મિત્રો આ સત્યને નિહાળે, તેથી આપણે એ પુછી રહ્યા છીએ. આટલા બધા ધર્મો અને તેની અર્થહીન વાતો. અર્થહીન શબ્દોને સૂત્રો અને કર્મકાંડ તેઓની અંધશ્રધ્ધા યુક્ત માન્યતાઓ કે જે એક મોટી જાળ છે આ બધા સિવાય *ધર્મ શું છે?*

વ્યુત્પત્તિશાસ્ત્ર અનુસાર *'ધર્મ'* શબ્દનો કોઇ મૂળ અર્થ નથી. તેઓ આ શબ્દના મૂળને શોધી શકયા નથી. પણ ઘણું કરીને એને ધ્યાન તરીકે વર્ણવવામાં કે સમજવામાં આવે છે જાગૃત રહી, ખંતપૂર્વક કર્મ કરવું, વિચારવું, જીવવું અને વર્તન કરવું...

... હવે ધ્યાન (મેડીટેશન) વિષેની શોધ એ *ધ્યાન* છે. ધ્યાન શબ્દનો અર્થ એમ થાય છે. કે 'મનન કરવું' વિચારવું. જે વસ્તુ જેવી

છે તેને તેવી જ નીરખવી, જે છે એમાંથી ભાગી છૂટવાનો જરાપણ પ્રયત્ન ન કરવો, પણ તેને સમજવી. શાબ્દીક રીતે કે બુધ્ધિના સ્તરે નહીં 'જે છે' એની સાથે ગહનતાપૂર્વક રહેવું તેથી મેડીટેશન (ધ્યાન) શબ્દનો અર્થ ફક્ત નિરીક્ષણ કરવું કે મનન કરવું એટલું જ નથી પરંતુ સંસ્કૃત, લેટિન વગેરે ભાષામાં એનો એ અર્થ થાય છે કે માપવું જ્યાં સુધી માપ અને પરિમાણ છે માનસિક સ્તરે તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે .. ગ્રીક અને પ્રાચીન હિન્દુઓમાં અને બીજા અન્ય ઔદ્યોગિક ક્ષેત્રમાં કંઇ જ પ્રગતિ સાધ્ય થઇ ન હોત માટે માપ આવશ્યક છે. પરંતુ માનસિક સ્તરે માપ એ તુલના છે સરખામણી છે; 'જે છે' એની જે હોવું જોઇએ એની સાથે તુલના છે. ગઇકાલે હું જે હતો એની તુલના આવતીકાલે હું શું હોઇશ. તમને સમજાય છે ? તુલનાની એ આખી પ્રક્રિયા છે. જ્યાં આવતીકાલે હું શું હોઇશ. તમને સમજાય છે ? તુલનાની એ આખી પ્રક્રિયા છે, જ્યાં તુલના છે ત્યાં માપ હમેશાં હોવાનું, હું મંદબુધ્ધિ છું તમે હોશિયાર છો, તમે સુંદર છો હું નથી. આમ ત્યાં સતત તુલના છે. આપણી અંદર કલ્પના અને વાસ્તવિકતા વચ્ચે હિંસા એ વાસ્તવિકતા છે અને અહિંસક હોવું એ કલ્પના છે. એ એક તુલના છે. ધ્યાનમાં તુલનાનો ચોક્કસપણે અંત હોવા જોઇએ....

.... ઘણું કરીને વક્તા ચિંતન અને ધર્મને વાર્તાલાપના ક્રમમાં છેવટે રાખે છે. એ ઘણું સામન્ય એવું કારણ છે, જ્યાં સુધી આપણે મક્કમપણે સાચો સંબંધ પ્રસ્થાપિત ન કરીએ કે જેમાં ઘર્ષણ ના હોય પણ શીખવાનું હોય. જ્યાં માનસિક ભય ન હોય ત્યારે જ જે કંઇ પવિત્ર છે જે કંઇ ધ્યાન ચિંતન મન છે એને શોધી શકીએ. આપણે અપેક્ષા અને આનંદ શું છે એ વિષે ગહનતાથી સમજણ પ્રાપ્ત કરી છે. અને દુઃખના અંત વિષે પણ જ્યાં સુધી આ બધી બાબતોને સમજીને એક મજબુત પાયાનું નિર્માણ ન કરીએ ત્યાં સુધી ચિંતન, મનન, ધ્યાન અર્થહીન છે. તમે અંતવિહીન જુદા જુદા શબ્દોનું રટણ કરો. પછી તે સંસ્કૃતમાં હોય કે તમારા પોતાના શબ્દો હોય કે પછી ભારતીય મંત્રો હોય. એ મંત્રો થકી ઘણા લોકોએ સારા એવા પૈસા બનાવ્યા છે *મંત્ર* દીક્ષાનો ધંધો એક મુખ્ય ધંધો છે. મંત્ર દીક્ષા આપનાર ધનકુબેર છે. મંત્ર શબ્દનું આપણે સ્પષ્ટીકરણ કર્યું કે મનન કરવું પણ માનસિક સ્તરે કશું બનવાનું નથી અને એનો એ પણ અર્થ થાય છે કે સ્વકેન્દ્રિત પ્રક્રિયાને પૂર્ણપણે બાજુએ મુકી દેવી. એ છે આ શબ્દનો મૂળ અર્થ, જે એક સુંદર શબ્દ છે પણ જુઓ આપણે એ શબ્દનું શું કર્યું છે. તેથી ધર્મ શું છે અને પવિત્ર જેવું ખરેખર કંઇ છે ખરું કે પછી પવિત્ર જેવું કશું જ નથી, કંઇ જ નહીં કે પછી કંઇક છે. પણ તેને શોધી કાઢવા માટે એના ઉપર આવવા માટે એના અસ્તિત્વને સમજવા માટે મનન, ધ્યાનની આવશ્યકતા છે..

કોઇપણ અંત વગર તમે આ બધું સાંભળ્યા કરો, પણ જો તમે તમે તેનો અમલ કરો નહીં તો તમારા સાંભળવાનો અર્થ શું છે ? જો તમે તમારા સ્વયં પ્રતિ જાગ્રત ન હોય તમારા હાવભાવ, તમારા શબ્દો, તમારી રીતભાત પ્રતિ, તમે કેવી રીતે ખાવો છો. તમે શા માટે ધુમ્રપાન કે મદ્યપાન કરો છો આવી અનેક ક્રિયા કરતો માનવી. જો તમે શારીરિક રીતે આ બધાથી જાગ્રત ન હોવ તો તમારી અંદર ભીતરમાં જે કંઇ થઇ રહ્યું છે એના પ્રતિ તમે કેવી રીતે સજાગ રહી શકો, જો તમે જાગ્રત ન હો,જો કોઇને આ બધી બાબતનું અવધાન ન હોય તો તે નકામા ગાભા જેવો બની જાય છે, સામાન્ય વર્ગનો, મધ્યમ દર્જાનો બની જાય છે. 'મધ્યમ દર્જા' એ શબ્દનો અર્થ, એનો મૂળ અર્થ એવો થાય છે કે પહાડ પર અર્ધા માર્ગ સુધી જવું. પર્વતના શિખર સુધી કદી નહીં પણ અર્ધા માર્ગ સુધી જવું. એનો અર્થ છે મધ્યમમાર્ગી કે મધ્યમકક્ષાના હોવું. આપણે કદી પણ ઉત્કૃષ્ટતાપૂર્વક તાકીદી કરતા નથી. સંપૂર્ણપણે સાલસતા માટે તાકીદી નથી કદીપણ પૂર્ણ મુક્તતા સ્વતંત્રતા માટે આપણે તાકીદ કરતા નથી. સ્વતંત્રતાનો એ અર્થ નથી કે મનમાં ફાવે તે કરવું. તે સ્વતંત્રતા નથી એનો ક્ષુદ્રતા છે. પરંતુ હતાશાથી, વિનમ્રતાથી, એકલતાથી અને બાકી બધાથી સ્વતંત્ર-મુક્ત હોવું.

તેથી આ શોધી કાઢવા માટે આ કક્ષા પર આવવા માટે કે આ અસ્તિત્વ માટે અગાધ એવી શાંતિ અને અવકાશ હોવો જોઇએ. યુક્તિપૂર્વકની શાંતિ નહીં. જ્યાં વિચાર કહેતો હોય કે મારે શાંત થવું જોઇએ, એવી શાંતિ નહીં. શાંતિ એ તો અનન્ય અને અજોડ અવસ્થા છે. બે ઘોઘાટ વચ્ચેની શાંતિ નહીં. શાંતિ એ બે યુધ્ધ વચ્ચેની નથી શાંતિ એ તો કંઇક એવી છે કે જે સહજતાથી આવે છે જ્યારે તમે નિરીક્ષણ કરતા હોવ, જે નિરીક્ષણમાં કોઇ હેતુ ન હોય. જ્યાં કોઇપણ પ્રકારની માગણી ના હોય. બસ કેવળ નિરીક્ષણ આકાશમાં ચમકતા એકાકી એવા તારલાનું માત્ર નિરીક્ષણ કે પછી ખેતરના એકાકી એવા વૃક્ષનું નિરીક્ષણ કે તમારા પતિનું કે પત્નીનું નિરીક્ષણ કે પછી તમે જે કંઇ નિરીક્ષણ કરતા હોવ. ગહન શાંતિ અને અવકાશની સાથેનું નિરીક્ષણ. ત્યારે તે નિરીક્ષણમાં તે સતર્કતામાં ત્યારે ત્યાં જે કંઇ હોય છે તે શબ્દાતીત અને બધા જ માપથી પર છે.

જે કંઇ અમાપ છે એને માપવા માટે આપણે શબ્દોનો ઉપયોગ કરીએ છીએ. માટે આપણે શબ્દોની આ જાળથી સભાન હોવા જોઇએ, આ શબ્દો આપણને કેવા છેતરે છે આ શબ્દોમાં કેટલા આશયો રહેલા છે. કમ્યુનિસ્ટ કે મુડીવાદી માટે અતિશય ભયાનક છે. સમાજવાદી કે બીજા અજાણ્યા માટે. તમને આ સમજાય છે ? શબ્દો અનન્ય એવા અગત્યના બની ગયા છે. પણ આ શબ્દો પ્રતિ સાવધ થવું. તે શબ્દોનું વજન જોવું. શાંતિ શબ્દ સાથે રહેવું એ શબ્દનું વજન જોવાનું છે અને સમજવું જોઇએ કે *શાંતિ* શબ્દ એ શાંતિ નથી. પરંતુ એ શબ્દ (શાંતિ) સાથે રહેવું એટલે એ શબ્દના આશયને વજનને નીરખવાનું છે, તે શબ્દમાં જે કંઇ છે તેને જોવાનું છે, એ શબ્દની સુંદરતા નિહાળવાની છે. જયારે વિચાર શાંત બની નિરીક્ષણ કરતો હોય છે કે શબ્દોની પેલી પાર પણ કંઇક છે એનું આકલન થવા લાગે છે. જે કલ્પના શોધ અને શંકાની પર છે એવું કંઇક નિદાન વક્તા માટે તો છે જ. પરંતુ વક્તા જે કંઇ કહે છે તે અન્ય માટે કોઇ કિંમતનું નથી. સિવાય કે તમે ધ્યાનથી સાંભળો. નિરીક્ષણ કરો ને શીખો, જીવનની બધી જ વ્યગ્રતાથી સંપૂર્ણ મુક્ત હોવા જોઇએ. ત્યારે જ ત્યાં અધ્યાત્મ છે, કે જે નૂતનને લાવે છે. તે તદ્દન નવી સંસ્કૃતિ છે. આપણે બિલકુલ સુધરેલા લોકો નથી. કદાચ તમે હુન્નનરમાં વધારે હોંશિયાર હશો, તમે અજોડ એવા શક્તિમાન તંત્રવિદ ઇન્જીનીયર હોવ કે ઉમદા ડૉક્ટર કે પ્રાધ્યાપક હોવ; છતાં પણ આપણે ઘણાં જ સીમિત છીએ. અહમ, હુંપણાનો, સ્વ નો અંત આવતા આપણે કશું નથી હોતા. Nothing શબ્દનો અર્થ છે કંઇપણ નહીં Not a thing વિચારથી ઉદ્ભવ્યું હોય એવું કંઇ જ નહીં. લૅટિન ભાષામાં 'Res' શબ્દનો અર્થ થાય છે thing વસ્તુઃ અને વસ્તુ એ છે કે જે વિચારે ઊભી કરી હોય. કંઇ જ ન હોવું એટલે તમારી સ્વયં વિશેની કોઇ જ પ્રતિમા ન હોવી. આપણી પાસે અસંખ્ય પ્રતિમા સ્વયં વિષેની છે. કોઇપણ પ્રકારની પ્રતિમા ન હોવી કોઇપણ ભ્રમણા ન હોવી. પૂર્ણપણે કંઇ જ ન હોવું પેલું વૃક્ષ સ્વયંમાં કંઇ જ નથી. તે એક અસ્તિત્વ છે. અને એના હોવાના અસ્તિત્વ. તે એક અસ્તિત્વ છે. તેઓ કંઇ બનતા નથી કારણકે તે, તેમ કરી શકતા નથી. ઑકના વૃક્ષનું બીજ કે સફરજનનું વૃક્ષ એ સફરજનનું જ વૃક્ષ છે એ કદી પણ પેઅર (નાસપતી) કે બીજા ફળનું વૃક્ષ બનવા યત્ન કરતું નથી. તે જે છે તે છે. તેથી જ્યારે ત્યાં કંઇ જ નથી ત્યારે તે ત્યાં છે. તમે આ સમજ્યા ? અને આજ ધ્યાન છે. ત્યાં સત્ય અને બધીજ શોધનો અંત આવે છે.

*On Nature and the Evironment,*

ઓહાય, ૧૯૬૩, પ્રવચન ૪

# શબ્દો પ્રત્યક્ષ અનુભૂતિને અવરોધે છે

સર્વોત્કૃષ્ટ કલા એ જીવન જીવવાની કલા છે. મનુષ્યે હાથથી કે મનથી નિર્માણ કરેલી બધી જ વસ્તુ કરતા અને બધા મહાન ગ્રંથો અને ભગવાનથી પણ મહાન છે. આ જીવન જીવવાની કલા દ્વારા જ નવી સંસ્કૃતિ ઉદ્ભવી શકે છે. આનું ઘડતર કરવાની જવાબદારી ખાસ કરીને શાળાના શિક્ષકની છે. જીવન જીવવાની કળા ફક્ત મુક્ત અને સ્વતંત્ર વાતાવરણમાં જ શક્ય છે.

મુક્તિ એ લક્ષ કે આદર્શ નથી કે જે અંતમાં આવે છે. એમાં મુક્તિનું પ્રથમ પગલું એજ અંતિમ પગલું છે. પ્રથમ પગલાની જ કિંમત છે અંતિમ પગલાંની નહીં તમે અત્યારે જે કરો છો તે ઘણું મહત્ત્વનું છે, ભવિષ્યમાં તમે શું કરશો તેનું એટલું મહત્ત્વ નથી. તત્કાળમાં જે ઘટી રહ્યું છે તે જીવન છે. કલ્પિત ક્ષણો નહીં કે વિચારોથી નિર્મિત ક્ષણો નહીં. તેથી તમારું પ્રથમ પગલું તમે ઉપાડો છો તે ઘણું મહત્ત્વનું છે. જો તે પગલું સાચી દિશામાં હશે ત્યારે સંપૂર્ણ જીવન તમારી સામે ખુલ્લુ થશે. કોઇ આદર્શ કે લક્ષની દિશામાં માંડેલું પગલું એ સાચી દિશાનું પગલું નથી. કે જેમાં આગળથી જ અંત નક્કી કરવામાં આવ્યો હોય. અત્યારે જે ઘટીત થાય છે તેનાથી તેને અલગ કરી શકાય નહીં. આ કોઇ તત્ત્વજ્ઞાન નથી. કોઇ સિધ્ધાંતની આ હારમાળા નથી. તત્ત્વજ્ઞાન-ફિલોસોફીનો ખરો અર્થ છે. સત્ય માટેનો પ્રેમ, જીવન માટેનો પ્રેમ એ એવી વસ્તુ કે જ્ઞાન નથી, જે મહાવિદ્યાલયોમાં જઇને શીખી શકાય. આ જીવન જીવવાની કળા આપણા દૈનિક જીવનમાં શીખી શકાય છે.

આપણે શબ્દો પ્રમાણે જીવન જીવીએ છીએ તેથી શબ્દો આપણું કેદખાનું બની ગયું છે. શબ્દો જીવન વ્યવહાર માટે આવશ્યક છે, પણ શબ્દો કદી પણ વસ્તુ નથી. વાસ્તવિકતા એ શબ્દ નથી છતા શબ્દો ઘણાં મહત્વના બની ગયા છે. જ્યારે શબ્દો 'જે છે' એનું સ્થાન લઇ લે છે. જો તમે નિરીક્ષણ કરો તો આ બાબત તમને સ્પષ્ટ થશે કે વર્ણન જ વાસ્તવિક વસ્તુ બની ગયા જે હકીકતમાં વસ્તુ નથી જેમ પ્રતિકોની આપણે પૂજા કરીએ, પડછાયાનો પીછો કરીએ, જે ભ્રમણાને આપણે વળગી રહ્યા છે તેવું જ શબ્દની બાબતમાં છે. ભાષા આપણા પ્રતિભાવને આકાર આપે છે. ભાષા એ આપણને દોરવતી શક્તિ બની ગઇ છે શબ્દો આપણા મનને આકાર આપે છે ને આપણને મર્યાદિત કરે છે. રાષ્ટ્રીય શબ્દ, પ્રાંત, ઇશ્વર, કુટુંબ અને વગેરે જે આપણને સંપુટમાં બાંધે છે. અને શબ્દોના સહવાસથી આપણું માનસ શબ્દોના દબાણનું ગુલામ બની ગયું છે.

*પ્રશ્નકર્તા:* આ કેવી રીતે દૂર કરી શકાય ?

*કૃષ્ણમૂર્તિ:* શબ્દો કદી પણ વસ્તુના હોઇ શકે. પત્ની શબ્દ એ વ્યક્તિ નથી, દરવાજો શબ્દ એ દરવાજો નથી. શબ્દ વસ્તુ કે વ્યક્તિની પ્રત્યક્ષ પ્રતીતિ ને અવરોધે છે. કારણ શબ્દ અનેક અર્થોથી સંબંધિત છે. આ સંબંધો હકીકતમાં સ્મૃતિ છે. તે આંખથી દેખાતા દૃશ્યને નહીં પરંતુ માનસિકપણે પણ નિરીક્ષણને વિકૃત કરે છે. તેથી શબ્દો મુક્ત નિરીક્ષણમાં દીવાલ બની અવરોધ ઊભો કરે છે. મુખ્યમંત્રી અને કારકુન એ બે શબ્દોને લો. શબ્દો તેઓના કાર્યક્ષેત્રનું વર્ણન કરે છે. પણ 'મુખ્યમંત્રી' શબ્દ જબરદસ્ત સત્તાનું નિર્દેશન કરે છે જ્યારે કારકુન શબ્દ સામાન્ય એવી સત્તાહીન વ્યક્તિનું નિરૂપણ કરે છે. તેથી શબ્દ આપણને, એ બંનેને એક માનવી તરીકે જોવા માટે અવરોધ ઊભો કરે છે. આવું મિથ્યાભિમાન આપણામાંના મોટાભાગના લોકોમાં રહેલું છે. તેથી આપણે એ જોવું જોઇએ કે આ શબ્દોએ આપણી વિચારશક્તિ પર અને પસંદગી વગરના નિરીક્ષણ પર અને અવધાન પર કેવો વિપરીત પ્રભાવ પાડયો છે. નિરીક્ષણની કલા શીખવી એટલે પસંદગી વગરનું અવલોકન કરવું, નિરીક્ષણ કરવું.

*પ્રશ્નકર્તા:* તમે જે કંઇ કહો છો તે સમજાય છે પણ આ પસંદગીમય સંબંધનો વેગ એટલો ત્વરીત હોય છે કે કંઇક સમજાય એ પૂર્વે જ પ્રતિભાવ વ્યક્ત થાય છે. શું એને અટકાવી શકાય ?

*કૃષ્ણમૂર્તિ:* શું આ સવાલ ખોટો નથી ? કોણ એને અવરોધે છે ? આ એક બીજુ પ્રતિક બીજો શબ્દ; બીજી કલ્પના નથી ? જો એમ હોય, તો શબ્દો કે ભાષાના ગુલામ એવા મનનું આપણે સંપૂર્ણ હાર્દ સમજયા નથી તેનું નિરીક્ષણ કર્યું નથી. જુઓ આપણે ભાવનાશીલ બની શબ્દોનો ઉપયોગ કરીએ છીએ; એ આપણી ભાવનાત્મક વિચારણા છે, તંત્રજ્ઞાનને લગતા શબ્દો જેવા કે મીટર, માપ, નંબર વગેરે નિશ્ચિત શબ્દો સિવાયના બધા જ શબ્દો આપણે, ભાવાત્મકપણે સંબંધમાં વાપરીએ છીએ, ભાવના ઘણો મોટો ભાગ ભજવે છે. ઇચ્છાઓ ઘણી પ્રબળ હોય છે જે વિચારને આધીન છે અને તેજ પ્રતિમાનું નિર્માણ કરે છે. શબ્દ એ પ્રતિમા છે, ચિત્ર છે કે જે આપણી ઇચ્છા અને આનંદની પૂરવણી કરે છે. તેથી આપણા જીવનની શૈલી શબ્દોથી આકાર પામી છે અને શબ્દો સાથે જોડાયેલી છે. તેથી આ સમગ્ર પ્રક્રિયાનું નિરીક્ષણ કરવું એ સત્યને જોવું કે વિચાર આપણી સમજને કેવી રીતે અવરોધે છે.

*પ્રશ્નકર્તા:* તમે એમ કહો છો કે વિચાર કદી પણ શબ્દ વિનાનો નથી હોતો ?

*કૃષ્ણમૂર્તિ:* હા, વધતે ઓછે અંશે કૃપા કરી તમે એ ધ્યાનમાં રાખો કે આપણે જીવન જીવવાની કલા વિશે બોલી રહ્યા છીએ. એ શીખવાના વિષયમાં બોલી રહ્યા છીએ. આપણે શીખી રહ્યા છીએ એમ નહીં કે હું શીખવું અને તમે મુઢ શિષ્ય બની જાવ. તમે પુછી રહ્યા છે કે શું શબ્દો સિવાયની વિચારણા હોય છે. આ ઘણો અગત્યનો સવાલ છે. આપણી સમગ્ર વિચારધારા સ્મૃતિના આધારે છે. અને સ્મૃતિ શબ્દોને આધારે છે. પ્રતિમા, પ્રતિક, ચિત્રો આ... શબ્દો છે.

*પ્રશ્નકર્તા:* પરંતુ આપણી સ્મૃતિ એ શબ્દો નથી, તે તો એક અનુભવ છે, એક ભાવનાત્મક બનાવ છે. એ એક જગ્યા કે વ્યક્તિનું ચિત્ર છે. શબ્દો પછીથી ઉદ્ભવે છે.

*કૃષ્ણમૂર્તિ:* આ બધું વર્ણવવા આપણે શબ્દોનો ઉપયોગ કરીએ છીએ. આખરે, શબ્દોએ ભૂતકાળ છે, જે કંઇ બની ગયું છે કે જે કંઇ ઘટી રહ્યું છે, વિનિમય કરવા કે કંઇક જાગૃત કરવા શું આ બધી પ્રક્રિયા સિવાય વિચાર હોય છે ? હા, હોય છે પણ તેને વિચારણા કહેવાય નહીં. વિચારક્રિયા કે વિચારણામાં સ્મૃતિનું સાતત્ય રહેલું છે. પણ કોઇ વસ્તુના પ્રત્યક્ષ બોધમાં કે સમજમાં એ વિચારની પ્રક્રિયા નથી. સમગ્ર સ્વભાવ, શબ્દોની ગતિ, પ્રતિક પ્રતિમા અને તેમાં ભાવનાશીલ થઇ સંડોવવાની જે ક્રિયા છે એને ગહનતાપૂર્વક સમજવું એ 'આંતરસૂઝ' (insight) છે. સમગ્રતાપૂર્વક જોવું એ શબ્દને યોગ્ય સ્થાન આપવું...

*પ્રશ્નકર્તા:* સમગ્રતામાં જોવું એનો શું અર્થ થાય છે ? એવું તમે વારંવાર કહો છો તમારે મન એનો શું અર્થ છે ?

*કૃષ્ણમૂર્તિ:* વિચાર વિભાજક છે કારણકે તે મર્યાદિત છે. જયારે વિચારોની કોઇ દખલ નથી હોતી ત્યારે સમગ્રતાનું નિરીક્ષણ થાય છે. ભૂતકાળના જ્ઞાન વિહીન નિરીક્ષણ કરવું જ્ઞાન નિરીક્ષણને થંભાવી દે

છે. ત્યારે ત્યાં દ્રષ્ટા નથી હોતો કારણ દ્રષ્ટા સ્વયંમાં ભૂતકાળ છે. એ વિચારનો ગુણધર્મ છે.

*પ્રશ્નકર્તા:* શું તમે અમને વિચાર થંભાવી દેવા માટે કહો છો ?

*કૃષ્ણમૂર્તિ:* જો હું તમારુ ધ્યાન દોરું તો ફરી પાછો આ ખોટો સવાલ છે. જો સ્વયં વિચાર જો વિચારણાને થંભાવી દેવા કહેતો હોય. તો તે દ્વૈતનું નિર્માણ કરે છે જેમાં ઘર્ષણ છે. આ વિચારની વિભાજક પ્રક્રિયા છે. જો તમને એમાં રહેલા સત્યનું આકલન થયું હોય તો વિચાર સ્વાભાવિકપણે નિષ્ક્રિય બની જાય છે. ત્યારે વિચારને તેની પોતાની મર્યાદિત જગ્યા રહે છે. ત્યારે વિચાર જીવનની સમગ્રતાને તાબામાં લેશે નહીં કે જે સાતત્યથી કરે છે.

*પ્રશ્નકર્તા:* સાહેબ, આને માટે અસાધારણ એવું અવધાન હોવું જોઇએ એ હું જોઇ શકું છું જો હું ગંભીરતાથી મારી સમગ્ર શક્તિ એમાં અર્પી દઉં તો મને એવું અવધાન પ્રાપ્ત થાય ?

*કૃષ્ણમૂર્તિ:* શું ઉર્જા (શક્તિ)નું વિભાજન ખરેખરમાં થઇ શકે ? જીવન નિર્વાહ માટે કુટુંબ માટે, અને જે કંઇ કહેવાય રહ્યું છે એના હાર્દને સમજવા માટે ઉર્જાનો ઉપયોગ થાય છે. પણ વિચાર આપણને વિભાજીત કરે છે તેથી આપણે ઘણી બધી શક્તિ જીવન જીવવા માટે ખર્ચીએ છીએ અને બીજી બાબત માટે જૂજ શક્તિ વાપરીએ છીએ. આ એક એવી કળા છે જ્યાં વિભાજન નથી. આ જીવનની સમગ્રતા છે.

*The Whole Movement of Life is Learning*, Ch. 24


**Krishnamurti Foundation India**

**Rajghat Education Centre Varanasi – 221 001, U.P.**

Applications are invited for the following senior positions likely to fall vacant in the near future in this centre :

**1. Principal, Rajghat Besant School**

We are interested in locating an experienced individual with a deep commitment to the educational vision of J. Krishnamurti, having at least 10 years' of teaching experience in a school/college. He/She will be responsible for creating a co-operative educational environment free from fear, hierarchy and competition so as to provide opportunity for holistic development of every child in this residential school with nearly 350 students and 50 teachers. The school is located in a large beautiful campus on the banks of the Ganga and Varuna rivers on the outskirts of Varanasi and is affiliated to the C.B.S.E. For details please visit our website at www.j-krishnamurti.org

Applicants must have a Master's degree with at least ten years teaching experience and be between 35 and 55 years of age. Salary is negotiable. Free family accommodation on the campus with free meals and free education of children in the school is provided.

**2. Director, Rural Centre**

The Rural Centre consists of a village school upto class 8 with about 200 children and 15 members of staff, a primary health centre called Sanjivan Hospital, a dairy with 60 cows, a women's empowerment unit and about 100 acres of agricultural farms, all meant to provide education/health care/vocational training etc. for poor villagers in the neighbourhood. For details please visit our website at www.j-krishnamurti.org and www.kfirural.org

Applicants must have experience of social work with strong motivation to guide and develop the activities of the Rural Centre. Expertise in any one of the fields of Agriculture/Dairy/Health Care or Education is desirable. There is no age limit and salary is negotiable. Free campus accommodation with free meals and free education of children is available.

For both posts applications on plain paper giving name, age, address, qualifications and work-experience, along with a statement of broad aims and objectives in life should reach Shri S. Chidananda, Director, Rajghat Education Centre, Krishnamurti Foundation India, Rajghat Fort, Varanasi – 221 001, U.P. on or before 31 December, 2010. Email: chidananda9@yahoo.com


## પુસ્તક પરિચય



આપણું માનવી મન સદૈવ સમસ્યા અને જીવનને લગતા પ્રશ્નોથી ઘેરાયેલું છે. આ સમસ્યા એ મનુષ્યના પડછાયાની જેમ હમેશાં એની સાથે છે. જે સંપૂર્ણપણે મનુષ્યના જીવન સાથે સંકળાયેલી છે. મનુષ્ય જીવનને લગતી અનેક સમસ્યાને કૃષ્ણમૂર્તિ એ પોતાના વાર્તાલાપ દ્વારા મનુષ્યની સામે રજુ કરી છે. અને જે કોઇ વ્યક્તિ આ સમસ્યાને સમજવા માગે છે. તેઓની સામે ઘણાંજ પ્રેમથી કૃષ્ણમૂર્તિએ સમસ્યાનો સ્પષ્ટ રીતે ખુલાસો કર્યો છે. જે કોઇ વ્યક્તિને પોતાના જીવનનું કંઇ મૂલ્ય છે. એવી વ્યક્તિ એ કૃષ્ણજીના ૯ વાર્તાલાપના સંપુટને અવશ્ય વાંચવો જોઇએ ને પોતાના અંગત પુસ્તકોના સંગ્રહમાં રાખવો જોઇએ. દરેક વતાૅલાપ એક અલગ પુસ્તીકાના સ્વરૂપમાં છે. જે નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧. સમસ્યા શી છે ? | ૨. સંબંધ એટલે શું ? | ૩. સંઘર્ષ વગરનું જીવન |
| ૪. સલામતી જેવી કોઇ ચીજ છે ખરી ? | ૫. સુખ વિષે શીખીએ. | ૬. દુ:ખનો અંત |
| ૭. ભયની સમસ્યા | ૮. સ્વની ઓળખ | ૯. અજ્ઞાતને આવકારવા નિખાલસ થવું |

આ પુસ્તકનું મુખપૃષ્ઠ, કલાકાર, આશિષ પંચાલે ઘણી જ સમજપૂર્વક ચિત્રિત કર્યું છે. સમસ્યા અને પ્રશ્ન એ મનુષ્યના પડછાયા જેવા છે.

આ પુસ્તિકાનો અનુવાદ મૂળ અંગ્રેજી પુસ્તીકા પ્રમાણે શ્રી હર્ષદ દવેએ કર્યો છે. અને કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડીયા (મુંબઇ) ની અનુમતીથી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય - અમદાવાદ દ્વારા પ્રકાશીત કરવામાં આવ્યો છે. નવ પુસ્તિકાના સંપૂટનું મૂલ્ય રૂા. ૧૧૭ છે. પ્રત્યેક પુસ્તીકાનું મૂલ્ય : રૂા. ૧૩ છે.

કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, સહ્યાદ્રિ, પોષ્ટ : તિવઇ હિલ, તાલુકા ખેડ (રાજગુરુ નગર), જિ. પૂના, પિન ૪૧૦ ૫૧૩ મહારાષ્ટ્ર,

૧૦-૧૬ डिसेंबर, २०१० The crisis in human consciousness : Learning about consciousness ५-९ जानेवारी, २०११ The Way of love is not be found through the intellect

દૂરધ્વનિ : (૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૦૩૪૭૫ email : kscskfi@gmail.com • વેબસાઇટ : http:/www.kscskfi.com

કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બગલોર : દ સ્ટડી, વ્હૅલી સ્કૂલ કૅંપસ, ૧૭ કિ, મી, કમકપુરા રોડ, થાતગુણી પોસ્ટ, બંગોલર - ૫૬૦૦૬૨.

९-१२ ડિસેંબર 'The Art of Meditation' २५-३१, ડિસેંબર Gathering for the Young : 'Exploring a Wholly Different Way of Living'

દૂરધ્વનિ :०८० - २८४३५२४३ • email : kfistudy@gmail.com • વેબસાઈટ : http:/www.kfistudy.org

## શબ્દ, ભાષા આપણા ઉપર આધિપત્ય ભોગવે છે

શબ્દો મહત્ત્વના છે કારણકે તે કોઇ વિશિષ્ટ અર્થ સૂચવે છે. પણ જો શબ્દો આપણા ને ચલાવતા હોય, જો કોઇ ચોક્કસ નિર્ણય પર આવવા માટે શબ્દોનું દબાણ હોય કે કાર્ય કરવા માટે હોય. ત્યારે ભાષા અને શબ્દોનું આપણા પર આધિપત્ય હોય છે, આપણને એક આકાર કે સ્વરૂપ આપે છે. દબાણ કરે છે. ફરીથી આપણેએ સ્પષ્ટ કર્યું છે, નહીં કે ? ક્યાં તો ભાષા આપણો ઉપયોગ કરે છે કે પછી આપણે ભાષાનો ઉપયોગ કરીએ છીએ. પણ આપણામાંથી મોટા ભાગના લોકો ભાષાથી દોરવાયેલા છે. સામ્યવાદી (કમ્યુનિષ્ટ) શબ્દ બોલતા આપણા મન પર બધા જ પ્રકારના ભયની કલ્પના ઉદ્‌ભવે છે. એમ નથી કે સામ્યવાદી ભયકારક નથી. જો હું એમ કહ્યું કે 'હું બ્રિટીશ છું ' તો તરત ચોક્કસ પ્રકારનો પ્રતિભાવ ઉદ્‌ભવે છે. તેથી શબ્દો અને ભાષા આપણને દોરવે છે. આપણને એક આકાર આપે છે, આપણી વિચારવાની ક્રિયાને એક રૂપ આપે છે. આપણી ચાલચલગત અને ક્રિયાને આકાર આપે છે. આપણી ભાષા વિશેની ગુલામી સમજાયા પછી જો આપણે એ સમજીએ કે ભાષાનો ઉપયોગ કેવી રીતે કરવો. તે શબ્દનો મર્મ, ખરો અર્થ અને તેની ગહનતા સમજીએ તો આપણે ભાષાનો ઉપયોગ ભાવાત્મક થયા વગર ઉર્મિશીલ થયા વગર કોઇ ચોક્કસ શબ્દ સાથે આપણી જાતને જોડી ન દેતા હોઇએ. ત્યારે આપણે એકબીજા સાથે પ્રત્યક્ષપણે ઘણી સરળતાથી વિચાર વિનિમય કરી શકીએ. જો હું હિન્દુ શબ્દને વળગી રહું કે ભારતીય શબ્દને ત્યારે તે શબ્દ મારી વિચારધારાને એક સ્વરૂપમાં બાંધે. મારા પૂર્વગ્રહોને, આવી બધી મૂર્ખતાને આકાર આપે છે, ત્યારે તે હિન્દુ શબ્દ કે ભારતીય શબ્દ એક ચોક્કસ રીતે વર્તન કરવા મારા પર દબાણ કરે છે. પણ જો હું હિન્દુ શબ્દ અને તેની રાષ્ટ્રીય મર્યાદા અને અંધશ્રધ્ધાયુક્ત હાર્દથી મુક્ત હોઉં તો ત્યારે આ શબ્દની આડે રહેલા મનુષ્યને સમજવા માટે હું સ્વતંત્ર કે મુક્ત હોઉં છું. બરોબર ? શું આપણે એકબીજા સાથે મળી આ સમજીએ છીએ ? હું પણ આખરે એવી આશા રાખું છું.

બ્રોકવુડ પાર્ક, ૧૯૭૮, પ્રવચન ૧

---

## શબ્દો કદી પણ આમૂલગ્રા પરિવર્તન મનુષ્યની અંદર લાવી શકતા નથી

કૃપા કરી સાંભળો, આગળ આપણે કહ્યું અને અહીં પણ બધા જ વાર્તાલાપમાં આપણે કહી રહ્યા છીએ કે ફક્ત શબ્દોની સાંકળ કે વાક્યો ન સાંભળો. શબ્દોનું સ્વયંમાં કોઇજ મૂલ્ય નથી. શબ્દો કદી પણ આમૂલગ્રા પરિવર્તન મનુષ્યની અંદર લાવી શકતા નથી. તમે શબ્દોના ઢગલા કરો, કે શબ્દોના હાર બનાવો જે આપણામાંથી ઘણા લોકો કરે છે, અને શબ્દો પર જીવે છે, પણ એ શબ્દો તો રાખ છે. તે જીવનમાં સુંદરતા લાવતા નથી. શબ્દો પ્રેમ લાવતા નથી. જો તમે આજની આ સાંજે ફક્ત શબ્દોની કલ્પનાની હારમાળા જ સાંભળી રહ્યા હશો. તો મને ડર છે કે તમે અહીંથી ખાલી હાથે પાછા ફરશો. પણ તમે ફક્ત વક્તા ને સાંભળો નહીં પણ તમારા વિચારને પણ સાંભળો તમાર જીવનના અંતરંગને સાંભળો. જે કંઇ કહેવાય રહ્યું છે તે તમારા જીવનની બહારનું છે એમ નહીં પણ જે જીવનમાં હકીકતમાં બની રહ્યું છે. ત્યારે તમે તે વાસ્તવિકતાને જોશો. કે પછી જે કંઇ ખોટું છે તેને.

ઍમ્સ્ટરડૅમ, ૧૯૬૮, પ્રવચન ૫

## તમે શબ્દને વસ્તુથી અલગ કર્યો છે ?

જો કાળ એ વિચાર છે, કાળ (સમય) એ ગતિ છે - ગઇકાલની આજની અને આવતી કાલની ગતિ. એજ રીતે વિચાર પણ ગતિ છે. જે ગતિ ભૂતકાળની સ્મૃતિ, ભૂતકાળના અનુભવ, ભૂતકાળનું જ્ઞાન-જ્ઞાન હમેશાં ભૂતકાળ જ છે, ભયના મૂળમાં વિચાર જ જવાબદાર છે. તમે સમજ્યા ? હવે ભય શબ્દ ભય છે ? તમે સમજ્યા ? શું ભય શબ્દ ખરેખરમાં *ભય* છે ? કે પછી શબ્દ એ વસ્તુ નથી. શું તમે થાકી ગયા છો ? તમે મારો સવાલ સમજો છો ? શું શબ્દ વસ્તુથી અલગ છે ? કે પછી શબ્દ વસ્તુનું નિર્માણ કરે છે, ભય ? ત્યારે શબ્દ તમને દોરવે છે. અને શબ્દ ભયનું નિર્માણ કરે છે. કે પછી ભય એ શબ્દથી સ્વતંત્ર છે ? એનો અર્થ, શબ્દ એ વસ્તુ નથી, બરોબર ? તમને સમજાયું ? તેથી તમે શબ્દને વસ્તુથી અલગ કર્યો છે ? તમને સમજાયુ ? તંબુ, મંડપ આ શબ્દ તે વસ્તુ નથી, બરોબર ? તેથી તમે જ્યારે એને નિહાળો છો ત્યારે શબ્દને તેનાથી અલગ કરી શકો છો ? તમે મારો પ્રશ્ન સમજ્યા ? તેથી તમે તમારા પ્રતિભાવથી શબ્દને અલગ કર્યો છે, જેને તમે ભય કહો છો ? શું તેથી એનો અર્થ એ છે કે તમે એ વાતથી સભાન છો કે તમે શબ્દની જાળમાં ફસાયેલા છો ? અને તેથી શબ્દો તમને દોરવી રહ્યા છે. તેથી તમે શબ્દ વગર વસ્તુ ને જોઇ શકો એનો અર્થ કે તમે વસ્તુનું નામકરણ કર્યા વગર તેને નિહાળવું કે જે શબ્દ બની જાય છે. મને નવાઇ લાગે છે ! તમને આ બધું સમજાય છે. જુઓ, આને માટે પ્રચંડ સજાગતાની આવશ્યકતા છે, પ્રચંડ અવધાનની જરૂર તમારા નિરીક્ષણમાં. એને ફક્ત સ્વીકારી લેવાનું નથી.

'હા, હું શબ્દને અલગ કરી શકું છું. આ કે તે આમ રમત રમતા રહો. પણ તમારે હકીકતમાં જોવું જોઇએ કે તમે શબ્દજાળમાં સપડાયેલા છો તમારું નિરીક્ષણ શબ્દો થકી હોય છે. તેથી શબ્દ વધારે મહત્ત્વના બની જાય છે. આ બધું સમજાયા પછી તમે કહેશો કે હું શબ્દોને અલગ કરી બાજુએ કરી દઇશ. મને વસ્તુ જેવી છે તેને જ જોવા દો. તેમાં શબ્દની દખલ વગર શબ્દોના બધાજ આશય, તેના હેતુ સાથે મને તે વસ્તુને નિહાળવા દો. તમને સમજાયું ? મેં ઉર્જાને ઘણી વિસ્તારી છે, મને આશા છે તમે પણ તેજ કરો છો.

બ્રોકવુડ પાર્ક, ૧૯૭૮, પ્રવચન ૧

---

## શબ્દો મર્યાદા અને હદ ઊભી કરે છે

શબ્દ મર્યાદા બાંધે છે. અને એક હદ ઊભી કરે છે અને જે મન શબ્દોમાં સપડાઇ કાર્ય કરતું નથી તેને કોઇ જ સીમા નથી. તેને કોઇ મર્યાદા નથી હોતી. તે બધ્ધ નથી. સુજ્ઞજન, નિહાળો ! *પ્રેમ* શબ્દ ને જ લો અને નિહાળો કે તમારી અંદર શું જાગ્રત થાય છે, સ્વયં ને નિહાળો; જે ક્ષણે હું પ્રેમ શબ્દનો ઉચ્ચાર કરું છું ત્યારે તમારા ચહેરા પર હાસ્ય ઉદ્‌ભવે છે અને તમે બેસી જાઓ છો, તમને કંઇક ભાવના થાય છે એટલે કે આ પ્રેમ શબ્દ અનેક પ્રકારની કલ્પના ઊભી કરે છે. બધા પ્રકારમાં વિભાજન ઉદ્‌ભવે છે જેવા કે દૈહિક, આધ્યાત્મિક, નાસ્તિક, અનંત વગેરે પરંતુ પ્રેમ શું છે એ શોધો. સાહેબ, પ્રેમ શું છે એ શોધવા માટે ચોક્કસપણે તમારું મન એ શબ્દથી અને એના બધા સંદર્ભોથી મુક્ત હોવું જોઇએ.

મુંબઈ૧૯૬૩, પ્રવચન ૬

## શબ્દ સાથે સંબંધિત નથી એ વાસ્તવિકતા શું છે ?

સર્વપ્રથમ આપણે એકલા છીએ એ સત્ય છે; એ હકીકત છે કે તમારું મન સમાજ દ્વારા વિકૃત થઇ ગયું છે. વાસ્તવમાં તમે જે કંઇ છો તેનાથી તમે છટકી જવા માટે પ્રયત્ન કરો છો એ સત્ય છે. તમે સ્વયંમાં જે કંઇ છો એટલે કે તમે સંપૂર્ણપણે કંઇ જ નથી. તમે કંઇ કહેતા કંઇ જ નથી એ ચોક્કસ છે, એનો અર્થ એવો નથી કે નિરાશા, તિરસ્કાર છે. પણ એ તો વાસ્તવિકતા છે. હું હવે એ નિર્દેશ કરું છું કે હકીકત નિહાળવી એટલે તેનો અર્થ છે અસ્વીકાર કરવો કોઇ પણ તુલના વગર, નિર્ણય વગર મૂલ્યાંકન વગર નિહાળવું. આ સાથે વાસ્તવિકતાને જોવા માટે તે શબ્દને સમજવા માટેની પણ ઉત્કટતા હોવી જોઇએ. તમે આ સમજો છો ?

ક્રોધ શબ્દ, ભગવાન શબ્દ, સામ્યવાદી શબ્દ, કોંગ્રેસ શબ્દ અને ભારત શબ્દ આ બધા શબ્દોના આપણે ગુલામ છીએ. અને જે મન શબ્દોનું ગુલામ બની ગયું છે તે સત્યને નિહાળી ના શકે. જ્યારે આપણા મનમાં ભારતનો વિચાર આવે છે. ત્યારે આપણી અંદર એક ભાવના ઉદ્‌ભવે છે, એક પ્રાચીન ભૂમિ આપણી આંખ સામે આવે છે. એ આપણને નિરીક્ષણ કરતા અટકાવે છે. તમારા સંપૂર્ણ અતીતને નકારો અને સત્યને જુઓ. પણ શબ્દને કારણે તમે આમ કરી શકતા નથી. આ *ભારત* શબ્દનો તમે જે અર્થ કરો છો કે જે તમારી અદ્‌ભુત એવી ભાવનાને સંતોષે છે. તમે તે શબ્દ સાથે એકરૂપ છો વાસ્તવિકતા સાથે નહીં. જે શબ્દ સાથે સંબંધિત નથી એ વાસ્તવિકતા શું છે ? એજ રીતે તમે ક્રોધને કેવી રીતે નિહાળો છો ? *ક્રોધ* શબ્દ સ્વયંમાં તુચ્છ એવો સામાન્ય શબ્દ છે શું એમ નથી ? જો આ એક સામાન્ય તુચ્છ શબ્દ હોય તો તેને બાજુ પર રાખી તમે જેને ક્રોધ કહો છો એને કેવી રીતે જોશો ?

તેથી તમે તમારા માટે એ શોધની શરુઆત કરી છે કે આપણા વિચારો શબ્દોના કેવા ગુલામ છે. જો તમે ગહનતાથી ઊંડા ઉતરશો, તો તમને સમજાશે કે વિચારનું અસ્તિત્વ શબ્દ વગર નથી. એથી એ અધિક એવી ગહનતાપૂર્વક તેમાં જશો તો તમને દેખાશે કે જ્યાં વિચાર અને વિચારક છે ત્યાં વિરોધાભાષ છે, અને દરેક પ્રકારનો અનુભવ વિભાજક છે અને તે વિચારક અને વિચારની પ્રક્રિયા જુદી છે એ બાબતને મજબુત કરે છે. શરુઆતથી અત્યાર સુધી મેં જે કંઇ સ્પષ્ટતાપૂર્વક દર્શાવ્યુ એ આખી પ્રક્રિયાને તમને સમજાય છે. તમે તેનું પરીક્ષણ કર્યું હશે ને નિહાળી હશે તો તમારું મન સમાજના વાતાવરણ શાબ્દિક માળખાથી મુકત થઇ નિરાગસપણે તર્કસંગત એવું બહાર આવે છે. ત્યારે તે મન સંસ્કારગ્રસ્ત ના હશે તદ્દન ખાલી હશે. એવું મન જ સમયની પાર, બધી હદની બહાર જઇ શકે છે. ત્યારે જે કંઇ અમાપ, અજ્ઞાત અને અસીમ છે તેનું અવતરણ થાય છે.

*મુંબઇ, ૧૯૬૨, પ્રવચન ૩*

## એક બીજા સાથે સંવાદ સાધવાની શક્યતા

આપણા સૌની એક મોટી અડચણ એ છે કે જ્યારે કોઇ વિષયમાં આપણે એક બીજા સાથે વિચાર વિનિમય કરતા, આપણે જે શબ્દોનો ઉપયોગ કરીએ છીએ. ત્યારે તે શબ્દનો આશય, તે શબ્દની અંદર રહેલા હેતુને સમજવો, બરોબર છે ને ? એક બાબત ચોક્કસ છે કે એ શબ્દની ગહનતા આપણે જે રીતે વિચાર કરીએ છીએ. જે ભાવના ઉદ્‌ભવે છે. જે રીતે વર્તીએ છીએ તેના પર આધાર રાખે છે. જો આપણે ઉપરછલ્લી રીતે બોલતા હોઇએ જો ફકત અમૂર્તભાવના હોય તો તેનું રહસ્ય ઘણું જૂજ હોય છે. એને બદલે, જો શબ્દમાં અમૂર્તતા ન હોય પણ શબ્દમાં જે કંઇ નિર્દિષ્ટ હોય કે આપણે બંને તે સમજી શકીએ, શબ્દની આ નિર્દિષ્ટતા આપણે બંને સપ્રમાણપણે પ્રસ્થાપિત કરીએ, ડહાપણપૂર્વક સ્પષ્ટતા સાથે ત્યારે ત્યાં અરસપરસની સાથે વિનિમય થવાની શકયતા રહે છે, અને આ રીતનું મિલન ઉપયોગી થાય છે. પરંતુ વિશેષ કરીને એવું થાય છે કે તમારી અમૂક પ્રકારની ધારણા હોય અને હું કોઇ બીજી ધારણા કે નિર્દિષ્ટતા રાખતો હોઉં ત્યારે મુસીબત એ થાય છે આપણી વચ્ચેનો વિનિમય અશકય બની જાય છે. કે પછી એવું બને કે હું અમૂર્તપણે બોલતા હોઉં કે જેમાં કશું જ નિર્દિષ્ટ ન હોય ત્યારે ગહનતાપૂર્વક એકબીજા સાથે વિચારની આપલે અટકી જાય છે કે ઘણું કરીને થતી જ નથી. તેથી મને એવું લાગે છે કે આ પ્રકારના મિલન અને વિનિમયમાં અગત્યની એ બાબત છે કે બંને વ્યક્તિ માનસિકપણે એ જ સમયે એક સ્તર પર હોય એ આવશ્યક છે. ત્યારે વાર્તાલાપમાં વિનિમય ઉદ્‌ભવે છે જ્યારે આપણે વિચાર વિનિમયમાં જે શબ્દનો ઉપયોગ કરીએ તેને આપણે બંને એક સરખી રીતે સમજીએ એ ચોક્કસ છે કે સમજ તત્કાળમાં જ હોય છે. એ આવતી કાલે નથી આવતી કે તમે વાર્તાલાપ સાંભળ્યા પછી પણ નથી આવતી.

એકબીજાને સમજવા માટે મને લાગે છે કે એ બાબતની આવશ્યકતા છે આપણે કયાંક શબ્દોમાં અટકી ન પડીએ ઉદાહરણ તરીકે *'ભગવાન'* (God) શબ્દોનો તમારે મન કોઇ વિશિષ્ટ અર્થ હોય, જ્યારે મારે માટે તે શબ્દ જુદા અર્થમાં અભિવ્યક્ત થતો હોય અથવા તો કોઇ જ અર્થ ન હોય. ત્યારે બંને વચ્ચેનો વિચાર વિનિમય લગભગ અશકય બની જાય છે. સિવાય કે બંનેનો હેતુ સમજપૂર્વક શબ્દોની પાર જવાનો હોય. ઘણું કરીને *મુક્તિ* (સ્વતંત્રતા) શબ્દનો કશાંથી મુક્તિ એવો કરવામાં આવે છે શું એમ નથી ? સામાન્ય અર્થમાં તમારા સ્વાર્થથી મુક્તિ, ઈર્ષા, લોભ, તમારી રાષ્ટ્રીયતા, તમારા ક્રોધથી કે પછી આ કે પેલામાંથી મુક્તિ. પણ આ સિવાય પણ સ્વતંત્રતા કે મુક્તિ બીજા અર્થમાં પણ હોઇ શકે કે જે મુક્ત હોવાની વાસ્તવિકતાની અનુભૂતિ. કંઇકથી મુક્તિ નહીં. પરંતુ મુક્ત હોવાનાં સત્યની અનુભૂતિ અને મને લાગે છે કે મુક્તિના આ અર્થને સમજવું ઘણું જ અગત્યનું છે.

*મુંબઇ, ૧૯૫૬, પ્રવચન ૩*



### વાચકોને મિત્રતાભર્યું આવાહ્‌ન

માનવી સમસ્યા માટે આપણે સૌ કેટલાં કારણભૂતને જવાબદાર છીએ ? માટે જ તેની અંદર પરિવર્તન લાવવાની આપણી જવાબદારી કેટલી છે ? એ વાસ્તવિકતાને કૃષ્ણમૂર્તિએ ઘણીજ કરુણાસભર વાણીમાં આપણને કહ્યું છે. તેમના બોધ અને શિક્ષણને લોકો સુધી વિનામૂલ્ય પહોંચાડવા માટે નમ્ર એવો પ્રયત્ન આ પત્રિકા *અંતરમેળ* છેલ્લા ત્રણ વર્ષથી કરતી આવી છે. અને આગળ જતા આજ અભિગમ રાખવાનો અમારો માનસિક પ્રયત્ન હશે. કેટલીક વ્યક્તિ આ કાર્ય માટે આર્થિક સહાય કરી રહી છે. આપણામાંથી બીજા કોઇને આ કાર્યમાં સહભાગી થવાની ઈચ્છા હશે તો અમે તેનું સ્વાગત કરીએ છીએ.

## જ્યારે તુલના અને માપતોલ ના હોય ત્યારે સમગ્રતા હોય છે

જ્યારે તુલના નથી હોતી ત્યારે ત્યાં એકાત્મતા હોય છે. એનો અર્થ તમે સ્વયં સાથે પ્રમાણિક છો એવું નહીં, એ પણ એક પ્રકારે માપવાનો જ પ્રકાર છે. પણ જ્યારે મૂળમાં જ માપતોલ કે તુલના ના હોય ત્યારે સમગ્રતાનો ગુણ હોય છે. તુલના અને મોજણી એજ 'અહં' છે તે અહમભાવનો અર્ક છે. જ્યાં માપ અને મોજણી છે ત્યાં વિભાજન હોય છે. આ બાબતને કલ્પના તરીકે નહીં પણ એક વાસ્તવિકતાને ગંભીરપણે સમજવાની જરૂર છે. જ્યારે તમે આ વિધાન વાંચો છો ત્યારે એક કલ્પના કે એક સંકલ્પના તરીકે તેનો હાર્દ મુલવો છો ત્યારે તે મૂલ્યાંકન એ પણ એક માપ કે મોજણી જ છે. 'જે કંઇ છે' એને માપ નથી તમે એને મનપૂર્વક સમજો એવી મારી વિનંતી છે.

જ્યારે તમને એમાં રહેલા ગર્ભિત હાર્દનું આકલન થશે. ત્યારે તમારા વિદ્યાર્થી સાથે તમારા કુટુંબ સાથેનો સંબંધ કંઇક જુદો જ હશે. જો તમે એમ પુછો કે આવો જુદો સંબંધ ઘણો સારો હશે તો ફરીથી તમે માપ તુલનાના ચક્રવ્યુહમાં ફસાઇ જશો. તમે જ્યારે સ્વયં એને પારખશો ત્યારે તમને એ ફર્ક જણાશે. ફરક શબ્દમાંજ માપ અને તુલના અભિપ્રેત છે. પણ આપણે તે શબ્દ તુલના કર્યા સિવાય વાપરીએ છીએ. એ ચોક્કસ છે કે આપણે જે કોઇ શબ્દનો ઉપયોગ કરીએ છીએ તેમાં તુલના અને માપનો ભાવ રહેલો છે. તેથી શબ્દોનો પ્રભાવ આપણા પ્રતિભાવમાં હોય છે. અને તે પ્રતિભાવ આપણી ભીતરમાં તુલનાની ભાવના પેદા કરે છે. શબ્દ અને પ્રતિભાવ એકબીજા સાથે ઓતપ્રોત છે પણ એ શબ્દોથી આપણે પ્રતિબદ્ધ ના થઇએ એ એમાં રહેલી કળા છે એનો અર્થ એ છે કે ભાષા આપણું ઘડતર કરતી નથી. શબ્દોનો ઉપયોગ કરતા માનસિક પ્રતિભાવને ઉદ્‌ભવો નહિં.

*The Whole Movement of Life is Learning, ch. 18*

**'Naimisam',** The Retreat Centre on the outskirts of Hyderabad requires a Manager to look after the 25 acre campus with a library and study cottages facility. Also required are a Librarian and a Study Centre Incharge interested in Krishnamurti's teachings.

Those interested may kindly write to:

**J. K. Centre,** Dwarkapuri colony, Punjagutta, Hyderabad.
Tel : 040- 23357889



## વાર્ષિક સંમેલન

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડીયા ના નેજા હેઠળ યોજવાં માં આવતુ વાર્ષિક સંમેલન આ વર્ષે ૨૩ થી ૨૫ નવેમ્બર ૨૦૧૦ દરમિયાન ઋષિ વેલી માં યોજવામાં આવશે.
આ સંમેલનમાં પ્રવચન, ગ્રુપચર્ચા, કૃષ્ણમૂર્તિના વાર્તાલાપોની વિડયો પ્રદર્શીત કરવામાં આવશે. આ બધા માધ્યમનું પ્રયોજન મનુષ્ય જીવનને લગતા મુળભૂત પ્રશ્નોનું ગહનતાપૂર્વકનું અવલોકન અને સમજણ. એ આ કાર્યક્રમ નો મુખ્ય ઉદેશ છે. અહીં આવનાર બધા મિત્રો શાંતિમય વાતાવરણમાં અને કુદરતના સાનિધ્યમાં રહી શાંત મને ચિંતન મનન કરી શકે તેમજ જીવનના પ્રશ્નોંની એકબીજા જોડે ચર્ચા વિચારણ કરી જીવનની વાસ્તાવિકતા ને સમજવા પોતાની ઉર્જા નો સદ્‌ઉપયોગ કરે એ રીતે આ કાર્યક્રમની યોજના કરવામાં આવી છે.

**સંપર્ક : કૃષ્ણમૂર્તી ફાઉંડેશન ઇન્ડિયા**
ગેંદરિંગ કમિટી,
ઋષી વેલી એજ્યુકેશન સેન્ટર.
ઋષી વેલી ૫૧૭ ૩૫૨, આંધ્રપ્રદેશ.
દૂરધ્વની: ૦૮૫૭૧-૨૮૦૬૨૨, ૨૮૦૫૮૨
વેબસાઈટ : www.rishivalley.org.
Email : મોકલતી વખત વિષય ના ખાનામાં 'Attention KFI Gathering' એરીતે લખવુ

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા કેન્દ્ર હિંમત નિવાસ, મલબાર હિલમાં છે. અહીં કૃષ્ણજી ના બધા પુસ્તકો, ડીવ્હીડી ઉપલબ્ધ છે. બાલ આનંદ-બાલવિકાસ કેન્દ્ર, મુંબઈ સ્થિત આ કેન્દ્ર સાથે સલગ્ન છે.

કેન્દ્ર તરફથી વખતો વખત કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં જીવનનો ગહનતાપૂર્વક અભ્યાસ કરનાર વિચારવંતોના પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. હર શનિવાર અને રવિવારે કૃષ્ણજીના વાર્તાલાપ અને સંવાદોની વ્હીડીયો નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તેમજ દર ગુરૂવારે સમુહ વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યુ છે.

સેંટ ઝેવિયર્સ કોલેજમાં હર મહિના ના પહેલાં શુક્રવારે વ્હીડીયો નો કાર્યક્રમ હોય છે એને તેના પછી આવતા સોમવારે તે વિડીયોના વિષય પર સંવાદનું આયોજન કરવામાં આવે છે. મુંબઈમાં આવેલી કોલેજ અને શાળામાં વિદ્યાર્થી અને શિક્ષક સાથે સંવાદનો કાર્યક્રમ સંસ્થા યોજે છે.

સંપર્ક : કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા
બોમ્બે એક્ઝીક્યુટીવ કમિટી, હિંમત નિવાસ,
૩૧, ડોંગરસી રોડ, મલબાર હિલ,
મુંબઈ - ૪૦૦૦૦૬
દૂરધ્વની : ૨૩૬૩૩૮૫૬
ઈમેલ : kfimumbai@gmail.com

અંતરમેળ આ વૃત્તપત્રિકા દર ચાર મહિને પ્રસિધ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણના અભ્યાસ કરવા ઈચ્છીત વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્ય નો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગતા લેખ, સંસ્થાના કાર્યક્રમ તેજ અભ્યાસકેન્દ્રની તેમજ પુસ્તક વગેરેની માહિતી આ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવશે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઈચ્છા હોય તો અમારા મુંબઈ કેન્દ્ર ના સરનામા પર પત્ર દ્વારા કે ઈમેલદ્વારા બબર કરવી. કૃપા કરી તમારુ સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઈમેલ હોય તો તે જાણાવશો

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*
**Krishnamurti Foundation India**
Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com

*Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006.*
*Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net • Translation : Harshad Panchal*
*Designed by Eurythmic Designs, Rite-Print-Pak, Mumbai- 400 013. E-mail : info@Eurythmicdesigns.com • Editor : Indira Doctor*